વર્ષ-૧૬ • અંક : ૦૪
એપ્રિલ-૨૦૨૩
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

# પેન્શનર્સ પ્રકાશ

• પ્રકાશન સ્થળ •
બી-૨, એસબીઆઈ ઓફીસર્સ
'ભાસ્કર ફ્લેટ્સ',
ભાવિન સ્કૂલની સામે,
સ્વામિનારાયણ
મ્યુઝીયમની બાજુમાં,
મિરામ્બિકા રોડ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩.

Dear Friends,

Hope you enjoyed reading the last issue of Pensioners' Prakash – the first under the new Team SBIPA.

In this issue we are going to take you through few major initiatives which were undertaken by the Federation of SBIPA and how our efforts have yielded positive results benefitting the SBI Pensioners. These are as follows:

1. Good health and longevity of our colleagues encourage them to explore various places of interest (historical, cultural, religious, spiritual or just for tracking and fun) with their spouse or friends. As we are all aware, the Bank has good number of Holiday Homes at various places of such interests. However, booking a holiday home was a major issue for most of the retired employees as the process for booking was manual and involved some delay leading to dissatisfaction amongst the Pensioner's community at large. On the request of the Federation, the Bank has decided to allow on-line booking of Holiday Homes for all the staff and pensioners. The booking will open 120 days prior to the date of proposed booking. The gist of the circular issued by the Bank with its reference number is furnished elsewhere in this publication. We request all of you to go through the same and familiarise yourself with the easy and quick process of on-line booking. We also suggest to select non-vacation period so that you can avoid crowding at Holiday Homes and enjoy the serenity and beauty of the places that you propose to visit. Happy holidaying! In case of difficulty in this regards, please contact the DGS of the area of the branch from where you are drawing your pension.

2. The Bank has also permitted inclusion of disabled son/daughter as part of the beneficiary under the family pension scheme. Many retirees, particulary those who retired under VRS could not complete these formalities of including their disabled son/daughter as beneficiaries. The Bank has now issued fresh guidelines in this regard to the effect that the retirees can include their disabled son/daughter as part of family pension subject to submission of certain documents to the appropriate authority. The gist of the circular with its reference number has been furnished elsewhere in this publication. You are requested to familiarise with the extant instructions in this regard. In case of difficulty in filing the necessary documents or for any guidance you may contact the DGS of the respective area from where you are drawing your pension.

3. The closing date for Special Deposit scheme for senior citizens "SBI We Care" has been extended from 31st March to 30th June 2023. We are sure the extended date will benefit our retired colleagues and they will take its advantage.

Friends, the season is changing slowly. The days are getting longer and hotter in major towns and cities of Gujarat. Enjoy eating the king of fruits – the mangoes – in the season and do take good care of your health by hydrating yourself properly and try to avoid exposure during the day time's scorching heat. Good bye for now and see you in the next issue of Pensioners' Prakash.

**Kamal Kadri**
Editor

પ્રિય સાથીઓ,

SBI પેન્શનર્સ એસોસીએશનનો પેન્શનર્સ પ્રકાશનો અંક આપ સુધી પહોંચવાનું એક અગત્યનું માધ્યમ છે. જેને પ્રકાશિત કરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ. આપને ગત મહિનાનો અંક મળી ગયો હશે. જેને વાંચીને આપ પેન્શનર્સ એસો.ની એક્ટિવીટીથી વાકેફ થાવ છો.

હવે, આ અંકમાં અમે તમને ફેડરેશન ઓફ એસ.બી.આઈ. પેન્શનર્સ એસોસીએશન દ્વારા હાથ ધરવામાં આવેલી કેટલીક મહત્વની બાબતો અને અમારા પ્રયાસો દ્વારા પેન્શનરોને લાભ માટેના સકારાત્મક પરિણામો મેળવ્યા છે. જે નીચે પ્રમાણે છે.

૧. આપણા પેન્શનર્સ પરિવારના સદસ્યોનું સારૂં સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય તેમના જીવનસાથી અને મિત્રો સાથે વિવિધ રસપ્રદ સ્થળોની (જેવા કે ઐતિહાસીક, સાંસ્કૃતિક, ધાર્મિક આધ્યાત્મિક અથવા ફક્ત ટ્રેકીંગ અને આનંદ માટે) શોધખોળ કરવા પ્રોત્સાહિત કરે છે. જેમકે આપણે બધા જાણીએ છીએ કે બેંકે આવા રસના/પસંદગીના સ્થળોએ સારી સંખ્યામાં હોલીડે હોમ્સની વ્યવસ્થા કરી છે. જો કે મોટાભાગના નિવૃત્ત કર્મચારીઓ માટે હોલીડે હોમનું બુકીંગ એક મુખ્ય મુદ્દો છે. કારણ કે બુકીંગ માટેની પ્રક્રિયા મેન્યુઅલ હતી અને તેમાં થોડો વિલંબ થતો હતો, જેના કારણે પેન્શનર્સ સમુદાયમાં મોટા પ્રમાણમાં અસંતોષ ફેલાયો હતો. ફેડરેશનની વિનંતી પર બેંકે તમામ સ્ટાફ અને પેન્શનરો માટે હોલીડે હોમના ઓનલાઈન બુકીંગને મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે. સૂચિત બુકીંગની તારીખના ૧૨૦ દિવસ પહેલા બુકીંગ ખોલવામાં આવશે. બેંક દ્વારા આ અંગે કરાયેલ પરિપત્રનો ભાવાર્થ આ પ્રકાશનમાં અન્યત્ર આપવામાં આવ્યો છે. જેને વાંચવાથી આપને તે અંગેની વિસ્તૃત જાણકારી મળશે. તેથી ઓનલાઈન બુકીંગની પ્રક્રિયા સરળ અને ઝડપી બનશે. વધુમાં બુકીંગનો સમયગાળો વેકેશન સીવાયનો પસંદ કરવાનું સુચન કરીએ છીએ. જેથી કરીને તમને હોલીડે હોમ્સમાં ભીડની મુશ્કેલીઓથી બચી શકો અને તમે જે સ્થળની મુલાકાત લેવાનું વિચારો છો ત્યાંની શાંતિ અને સુંદરતાનો આનંદ માણી શકો.

૨. બેંકે ફેમિલી પેન્શન યોજનામાં લાભાર્થીના ભાગરૂપે વિકલાંગ પુત્ર/પુત્રીનો સમાવેશ કરવાની પણ મંજૂરી આપેલ છે. ઘણા મિત્રો ખાસ કરીને જેઓ વીઆરએસ હેઠળ નિવૃત્ત થયા છે તેઓ લાભાર્થી તરીકે તેમના વિકલાંગ પુત્ર/પુત્રીનો સમાવેશ કરવાની આ ઔપચારિકતા પૂરી કરી શક્યા નથી. બેંકે હવે આ સંબંધમાં તાજેતર જ માર્ગદર્શિકા જાહેર કરી છે. નિવૃત્ત લોકો તેમના વિકલાંગ પુત્ર/પુત્રીને ફેમિલી પેન્શનનાં ભાગરૂપે સમાવિષ્ટ કરી શકે છે, જે ચોક્કસ દસ્તાવેજો યોગ્ય સત્તાધિકારીને રજુ કરવાના આધિન છે. પરિપત્રનો ભાવાર્થ આ પ્રકાશનમાં અન્યત્ર આપવામાં આવ્યો છે. જેને વાંચવાથી આપને તે અંગેની વિસ્તૃત જાણકારી મળશે. જરૂરી દસ્તાવેજો ફાઈલ કરવામાં કોઈ મુશ્કેલી અનુભવતા હોવ અથવા માર્ગદર્શન માટે જ્યાંથી તમે તમારૂં પેન્શન લઈ રહ્યા છો તે વિસ્તારનાં ડીજીએસનો સંપર્ક કરી શકો છો.

૩. વરિષ્ઠ નાગરિકો માટે ખાસ ડિપોઝીટ સ્કિમ **“એસ.બી.આઈ. વી-કેર’ માટેની અંતિમ તારીખ ૩૧ માર્ચથી ૩૦ જૂન, ૨૦૨૩ સુધી લંબાવવામાં આવી છે.** જેનો લાભ આપણા નિવૃત્ત સાથીદારોને મળશે.

મિત્રો, ધીમે ધીમે ઋતુ બદલાઈ રહી છે. ગુજરાતનાં મુખ્યનગરો અને શહેરોમાં દિવસો લાંબા અને વધુ ગરમ થઈ રહ્યા છે. આ ઋતુમાં ફળોનો રાજા ‘કેરી’ ખાવાનો આનંદ માણો અને તમારા સ્વાસ્થ્યની કાળજી લો અને દિવસની ધગધગતી ગરમીમાં બહાર નીકળવાનું ટાળવાનો પ્રયાસ કરો. આ રીતે આપનાં સ્વાસ્થ્યની દરકાર કરો. ચાલો હવે આપણે હમણા ગુડબાય કરીશું અને પેન્શનર્સ પ્રકાશનના આગામી અંકમાં મળીશું. આભાર.

**કમાલ કાદરી**
સંપાદક

## SBIPA New Office

We are pleased to announce that since we are required to vacate the existing premises occupied by SBIPA at Naranpura, the Bank has offered sufficient space in Admin Office at Ambavadi, Ahmedabad. We convey our sincere thanks to the Circle Management for this goodwill gesture.

## SBIPA નવી ઓફિસ

અમે સહર્ષ જણાવીએ કે હાલમાં પેન્શનર્સ એસોસિયેશનની ઓફિસ જે નારણપુરા ખાતે આવેલી છે તે ખાલી કરવાની હોઈ, આપણે બેંક દ્વારા આંબાવાડી ખાતે આવેલી વહીવટી (Admin Office) ખાતે યોગ્ય અને સાનુકૂળ જગ્યા ફાળવવામાં આવી છે. આ તકે બેંકના સર્કલ મેનેજમેન્ટનાં આ સહકાર ભર્યા વલણ બદલ અમે તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.



## ડો. બાબાસાહેબ આંબડકરજીને પુષ્પાંજલિ કાર્યક્રમ

એસબીઆઈ પેન્શનર્સ એસોસિએશન, અમદાવાદ સર્કલના રાજકોટ મોડ્યુલના ડે. જનરલ સેક્રેટરી શ્રી શરદચંદ્ર દવે સાથે રાજકોટની ટીમ દ્વારા ભારતીય બંધારણના ઘડવૈયા “ભારત રત્ન” ડો. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૨મી જન્મ જયંતિ નિમિત્તે તા. ૧૪-૪-૨૦૨૩ને ગુરૂવારે સવારે ૯.30 કલાકે સિવિલ હોસ્પિટલ ચોક, એસબીઆઈ મેઈન બ્રાન્ચ પાસે, રાજકોટ ખાતે આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

સાથે અમદાવાદમાં સારંગપુર સર્કલ ખાતે આંબેડકરજીની પ્રતિમાને પેન્શનર્સ એસો., અમદાવાદના હોદ્દેદારો સર્વશ્રી કાન્તીલાલ પરમાર, રમણભાઈ વાઘેલા, એ. કે. બથવાર, આર. કે. પરીખની સાથે “સેવા”ના પુર્વ પ્રેસિડેન્ટ સર્વશ્રી પી. એમ. મકવાણા, એલ. પી. ચાવડા ઉપરાંત યુનિયન અને એસોસિએશનના હોદ્દેદારો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

### SBI WE CARE DEPOSIT

**e-Circular No. : NBG/PBU/LIMA-TD/34/2022-23**

**Term deposit scheme for senior citizens-'SBI WE CARE' Extension of Scheme Till 30.06.2023**

## Following Amount is payable to Discontinue SI

| Members Joined | Yearly SI up to 31/03/2018 | between 01/04/2018 to 31/03/2020 | after 01/04/2020 |
|---|---|---|---|
| Membership Serial Number | from 1 to 8861 | From 8862 to 10247 | 10248 onwards |
| Lifetime Amount payable to discontinue existing Monthly/ | Rs. 1000/- | Rs. 1500/- | Rs. 2000/- |

**સરક્યુલર નં. CDO/P & HRD-IR/77/2022-23 તા. ૩૧-૦૩-૨૦૨૧૩**

# એસબીઆઈ સ્ટાફ વેલ્ફેર એક્ટિવીટી, બેંક હોલીડે હોમ ઓનલાઈન બુકીંગ સુવિધા શરૂ

આપ સહુંને જણાવતાં આનંદ થાય છે કે હોલીડે હોમ બુકીંગની પ્રક્રિયા હવે સ્વસંચાલીત થઈ ગઈ છે. તા. ૧-૪-૨૦૨૩થી ઓનલાઈન બુકીંગ સુવિધા જે બુકીંગ પ્રક્રિયામાં પારદર્શિતા વધારશે. આ સુવિધા HRMS પોર્ટલ દ્વારા નોકરીમાં ચાલુ કર્મચારીઓ અને નિવૃત્ત એમ બંને કર્મચારીઓ માટે ઉપલબ્ધ રહેશે.

**૨. બેંક હોલીડે હોમના ઓન લાઈન બુકીંગ માટેની મુખ્ય સુવિધાઓ નીચે મુજબ છે.**

**એ. બુકીંગ સીસ્ટમ :**

- હોલીડે હોમ માટેની સૂચિત તારીખથી તા. ૧-૪-૨૦૨૩થી ૧૨૦ દિવસ પહેલા મેન્યુઅલ (તા. ૨૮-૭-૨૦૨૩ પહેલા અથવા તા. ૨૮-૭-૨૦૨૩ સુધીમાં) અને તા. ૧-૪-૨૦૨૩થી ૧૨૦ દિવસ પછી ઓનલાઈન (તા. ૨૯-૭-૨૦૨૩થી અથવા તેના પછી)

**બી. હોલીડે હોમ માટે પાત્રતા**

- **નોકરીમાં ચાલુ કર્મચારી :** HRMS પ્રમાણે કર્મચારીઓ અને તેમના ડિપેન્ડેન્ટ માતા-પિતા, પુત્રીઓ અને પુત્રો
- **નિવૃત્ત કર્મચારી :** HRMS પ્રમાણે નિવૃત્ત કર્મચારી અને ડિપેન્ડન્ટ માતા-પિતા-પુત્રો અને પુત્રીઓ.

**સી. રોકાણ માટે મહત્તમ અવધિ :**

- એક જ વખતમાં મહત્તમ ૪ દિવસના સમય માટે ખાલી હશે તે મુજબ ઓટોમેટેકલી કન્ફર્મ કરવામાં આવશે.
- ચાર દિવસ કરતા વધુ સમયના રોકાણના કિસ્સામાં CWC દ્વારા મંજુરી આપવામાં આવશે. આવા કિસ્સામાં ૪ દિવસ કરતા વધારે સમય માટે ડબલ ભાડુ વસુલવામાં આવશે. નાણાકીય વર્ષમાં કોઈ પણ કર્મચારીને વધુમાં વધુ કુલ **૨૦** રૂમની મંજુરી આપવામાં આવશે.

**ડી. હોલીડે હોમ ચાર્જીસ : હોલીડે હોમના ચાર્જીસ નીચે મુજબ ચાલુ રહેશે. તા. ૧-૯-૨૦૨૨થી**

| અ.નં. | કેડર | ભાડુ |
|---|---|---|
| ૧. | સબસ્ટાફ | રૂા. ૨૫/- |
| ૨. | ક્લેરીકલ સ્ટાફ | રૂા. ૫૦/- |
| ૩. | ઓફિસર્સ સ્ટાફ | રૂા. ૧૦૦/- |

**ઈ. બુકીંગ રદ કરવા માટે ચાર્જ અને દંડ**

હોલીડે હોમ બુકીંગ નક્કી કરેલ તારીખથી ૧૨૦ દિવસ અગાઉ ખુલશે. કર્મચારીઓ દ્વારા ન તો તેમનું બુકીંગ કેન્સલ કરે છે ન તો ઓક્યુપન્સીની તારીખે હાજર થાય છે. હોલીડે હોમમાં આ મુખ્ય સમસ્યાઓ પૈકીની એક છે. આનાથી અન્ય કર્મચારીઓને રૂમની ઉપલબ્ધતા મળતી નથી અને સાથે રૂમ પણ ખાલી રહે છે. આનાથી જે કર્મચારીઓને હોલીડે હોમની ફાળવણી કરી શકાતી નથી. જેથી ફરિયાદો ઉભી થાય છે. આવી ઘટનાઓ ન બને તે માટે હોલીડે હોમ માટેના સંબંધીત કર્મચારીઓ પર નીચે મુજબ દંડ વસુલવામાં આવશે.

- કબજાની સુચિત તારીખના પંદર દિવસ પહેલા રદ કરવાનો ચાર્જ (બુકીંગ ચાર્જ પરત કરવામાં આવશે) દંડ - **Nil** -
- કબજાની સુચિત તારીખના ૧૫ દિવસથી ઓછા સમય માટે રદ કરવામાં આવે (બુકીંગ ચાર્જ પરત કરવામાં નહી આવે) દંડ - **Nil** -
- કબજાની સુચિત તારીખના એક (૧) દિવસ પહેલા રદ (બુકીંગ ચાર્જ પરત કરવામાં નહિં આવે) દંડ **રૂા. ૨૦૦/-**
- કબજાની સુચિત તારીખે રદ કરવું અથવા જવું નહિ (બુકીંગ ચાર્જ પરત મળશે નહિ) દંડ **રૂા. ૫૦૦/-**

ઓનલાઈન બુકીંગ માટેના સુધારેલ નિયમો અને શરતો નીચે મુજબ છે.

- જરૂરી ફિલ્ડ ફક્ત HRMS માં જ ભરવાના રહેશે. કોઈપણ ફોર્મ ભરવાની અને મોકલવાની જરૂર નથી.
- બુકીંગ ચાર્જ HRMS માં જણાવેલ પગાર/પેન્શનના એકાઉન્ટને ડેબીટ કરીને અગાઉથી વસુલવામાં આવશે. HRMS અને E-mail માં જણાવેલ મોબાઈલ નંબર પર ઓટીપી મોકલવામાં આવશે. જે એકવાર ઈનપુટ કરવામાં આવે તો એકાઉન્ટ ડેબીટને અધિકૃત કરશે.
- OTP સબમીટ કર્યા વિના (બુકિંગ ચાર્જની ચુકવણી) રૂમનું બુકિંગ પૂર્ણ થશે નહિ.
- ચાર્જની કપાત પછી બુકિંગની પુષ્ટી કરતા રજીસ્ટર્ડ E-mail પર ઓટો જનરેટ મેઈલ કર્મચારીને મોકલવામાં

આવશે.

- જો ઓક્યુપન્સીની સૂચિત તારીખના ૧૫ દિવસ પહેલા બુકિંગ રદ કરવામાં આવે તો ડેબીટ કરાયેલ અપફ્રન્ટ બુકિંગ ચાર્જ પરત કરવામાં આવશે.
- કોઈપણ સંજોગોમાં જો બુકિંગની સૂચિત તારીખના ૧૫ દિવસથી ઓછા સમયમાં બુકિંગ રદ કરવામાં આવે તો બુકિંગ ચાર્જ પરત કરવામાં આવશે નહિં જેની નોંધ લેશો.
- HRMS ના બુકિંગ પેજમાં બુકિંગની તારીખે કોઈ શો No Show થવાના કિસ્સામાં કર્મચારીઓના ખાતામાંથી ડેબીટ કરવાની બાંહેધરી/અધિકૃતનો પછી સમાવેશ થાય છે.
- No Show ના કિસ્સામાં દંડ CWC દ્વારા વસુલવામાં આવશે. વસુલ કરેલી રકમ સર્કલના “હોલીડે-કમ-કન્વેલેસેન્ટ હોમ”માં જમા થવી જોઈએ. ચકાસણી અને ઓડિટ હેતુ માટે તેઓ યોગ્ય રેકોર્ડ જાળવવામાં આવશે.

૩. આ સુવિધા તા. ૦૧-૦૪-૨૦૨૩ના રોજ શરૂ કરવામાં આવશે. આ તારીખે કર્મચારીઓ ઓક્યુપન્સી તારીખ ૨૯-૦૭-૨૦૨૩ અથવા તે પછીની તારીખ માટે ઓનલાઈન બુકિંગ કરી શકે છે.

## પ્રભુશરણ

| નં. | પી.એફ.નં. | નામ | સેન્ટર | મોબાઈલ |
|---|---|---|---|---|
| ૧. | ૨૮૮૨૫૮૨ | નીતીન ચીમનલાલ શાહ | અમદાવાદ | ૭૬૦૦૦ ૫૦૭૪૬ |
| ૨. | ૭૨૬૦૨૮ | નરેન્દ્રભાઈ જમનાદાસ શાહ | અમદાવાદ | ૯૩૨૭૫ ૪૧૪૧૪ |
| ૩. | ૭૧૪૨૩૨ | દિનેશ માધવલાલ ત્રિવેદી | અમદાવાદ | ૯૯૯૮૮ ૭૨૬૬૪ |
| ૪. | ૧૭૨૪૦૩૭ | દક્ષાબેન સુનીલભાઈ શાહ (સુનીલભાઈ શાંતિલાલ શાહના પત્ની) | અમદાવાદ | ૯૦૯૯૦ ૩૦૦૪૯ |
| ૫. | ૧૭૩૬૨૪૮ | મધુબેન વાસુદેવ રાજાની (વાસુદેવ નેકુમલના પત્ની) | અમદાવાદ | ૭૦૪૮૭ ૧૯૦૩૦ |
| ૬. | ૨૮૨૮૭૫૮ | મગનભાઈ ડી. પરમાર | વડોદરા | ૯૬૮૭૨ ૫૦૩૩૩ |
| ૭. | ૩૫૧૧૫૪૫ | નાસીરખાન જે. પઠાણ | મહેસાણા | ૯૨૬૫૮૯૭૦૭૧ |
| ૮. | ૭૪૧૧૮૩ | અરૂણકુમાર કાંતિલાલ જોશી | વડોદરા | ૯૮૨૫૧૧૨૯૩૮ |
| ૯. | | ડી. એસ. દવે | અમદાવાદ(કેનેડા) | |
| ૧૦. | ૮૨૬૨૯૨૬ | અરવિંદ મનસુખલાલ ગાંધી | ઉના | ૯૪૨૬૧ ૬૮૮૫૧ |
| ૧૧. | ૫૧૭૯૯૩૯ | દિવ્યાંગનાબેન સંજયભાઈ દેસાઈ | ભાવનગર | ૯૮૨૫૨ ૩૧૭૫૫ |

પ્રભુ સર્વે સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.




**e-Circular • Department: P&HRD**

Sl.No.: 1489/2022 - 23 • Circular No.: CDO/P&HRD-IR/77/2022 - 23 Date: Fri 31 Mar 2023

*The Chief General Manager,*

*State Bank of India, Local Head Office,*

*All Circles/CCG/CAG/SARG etc.*

**STAFF WELFARE ACTIVITY BANK'S HOLIDAY HOME ROLL OUT OF ONLINE BOOKING FACILITY**

Please refer to our e-circular No. CDO/P&HRD-IR/36/2022-23 dated 30.08.2022,

regarding revised guidelines for Bank's Holiday Homes. In this connection, we advise that the process of Holiday Home booking has now been automated. The Online booking facility which will enhance transparency in the booking process will be rolled out **w.e.f. 01.04.2023.** This facility will be available to our employees- both serving and retired through HRMS portal. The link is as under:

**2.** The salient features for Online booking of Bank's Holiday Homes are as under:

**A. Booking System:**

Date of effective occupancy, if prior to 120th day from 01.04.2023 – Manual

*(i.e. prior to 28.07.2023 or 28.07.2023)*

Date of effective occupancy, if on or after 120th day from 01.04.2023 — Online

*(i.e. 29.07.2023 or after 29.07.2023)*

**B. Eligibility for Holiday Home:**

The following person(s) will be eligible for the Bank's Holiday Home Facility:

| | |
|---|---|
| Serving employees | Employee & Dependants as per HRMS<br>Father, Mother, Son(s) & Daughter(s) |
| Retired employees | Retired employee & Dependants as per HRMS<br>Father, Mother, Son(s) & Daughter(s) |

**C. Maximum duration of stay:**

Booking will be automatically confirmed (subject to availability) for a maximum period of 4 days in one instance. In case of a longer period stay (beyond 4 days in an instance) the approval will be accorded by the CWC. In such cases double rent will be charged for the period beyond 4 days. Further, a total of 20 room days will be allowed to any employee retired/ serving in a Financial Year.

**D. Holiday Home Charges:**

The charges for Holiday Home will continue to be as under:

| Sl. No | Grade/Scale | Rent (w.e.f. 01.09.2022) |
|---|---|---|
| 1 | Subordinate Staff | Rs.25/- |
| 2 | Clerical Staff | Rs.50/- |
| 3 | Supervising Staff | Rs.100/- |

**E. Charges and Penalty for Cancellation of bookings:**

The booking of Holiday Homes will open 120 days in advance from the date of effective occupancy. No show by the employees, i.e., who neither cancel their booking nor turn up on the effective date of occupancy, at the Holiday Home is one of the major issues.

This leads to non-availability of rooms to other aspirants, and the rooms also go unoccupied. This causes resentment among the employees to whom the Holiday Home could not be allotted and gives rise to grievances. To disincentivize these events, following charges will be levied on the employees (both retired and serving) in respect of Holiday Homes:

Cancelled before 15 days of the proposed date of occupancy - NIL

*(Booking charges to be refunded)*

Cancelled less than 15 days of the proposed date of occupancy - NIL

*(Booking charges not to be refunded)*

Cancelled 1 day before proposed date of occupancy - Rs. 200/-

*(Booking charges not to be refunded)*

Cancellation on the day or No show on proposed day of occupancy - Rs. 500/-

.*(Booking charges not to be refunded)*

**G. Revised terms and conditions for Online Booking are as under**:

• The required fields will have to be inputted in HRMS only, no need for filling any form and sending.

• Booking charges will be recovered upfront by debiting the salary/ pension account mentioned in HRMS. An OTP will be delivered on the mobile number mentioned in HRMS and e-mail, which once inputted, will authorise the debit of

account.

• Without submission of OTP (payment of booking charges), the booking of room will not be completed.

• After deduction of charges, an Auto generated mail on registered e-mail will be sent to the employee, confirming the booking.

• The upfront booking charges debited will be refunded if the booking is cancelled before 15 days of the proposed date of occupancy.

• Please note, under any circumstances, **booking charges will not be refunded** if the booking is cancelled with less than 15 days of the proposed date of occupancy.

• The booking page of HRMS also include undertaking/ authorisation to debit the account of the employee in case of No Show on the date of booking.

• The penalty, in case of a No Show will be recovered by CWC. The amount recovered should be **credited to 'Holiday-cum-Convalescent Home'** of the Circle.

---

# Court Case for Pension - Regarding 40%-50%

Our matter was taken up today. Our team led by Sri PN Mishra and Sri Panda appeared. After hearing at length, Additional Solicitor General, GOI, suggested for constitution of a special committee to consider our grievances.

Thereafter Court ordered that Federation should file it's representation to the Secretary, Finance, GOI, as early as possible. Thereafter said committee will consider and submit a report to the court before the next date of hearing. Next date of hearing is fixed on 31-07-2023. We are preparing a draft petition, meanwhile any suggestions are welcome in this regard. All such suggestions should be sent on mail not in WhatsApp.

GS,Fed.SBIPAs • 13.04.2023

(JCI) USA

Marengo CIMS Hospital

ACC
International
Centers Of Excellence

# સાંભળો વાત દિલની
—કરો નિષ્ણાતો પર વિશ્વાસ—



ભારતની સૌથી મોટી અને નિષ્ણાત હાર્ટ કેર ટીમમાંની એક

પ્રથમ હરોળ ડાબે થી જમણે : ડૉ. વિપુલ આહિર । ધન્યતા ધોળકિયા । ડૉ. ચિંતન શેઠ । ડૉ. નિરેન ભાવસાર । ડૉ. નિકુંજ વ્યાસ । ડૉ. શૌનક શાહ । ડૉ. ધીરેન શાહ
ડૉ. ધવલ નાયક । ડૉ. અમિત ચંદન । ડૉ. પ્રણવ મોદી । ડૉ. કિશોર ગુપ્તા । ડૉ. હિરેન ધોળકિયા । ઉલ્હાસ પઢિયાર । આકાશ રાજાવત । ડૉ. ગુણવંત પટેલ

બીજી હરોળ ડાબે થી જમણે : ડૉ. તેજશ વી. પટેલ । ડૉ. સત્યા ગુપ્તા । ડૉ. ઉર્મિલ શાહ । ડૉ. અનિશ ચંદારાણા । ડૉ. કેયૂર પરીખ । ડૉ. મિલન ચગ
ડૉ. અજય નાઈક । ડૉ. હેમાંગ બક્ષી । ડૉ. હિરેન કેવડીયા । ડૉ. વિપુલ કપૂર । ડૉ. કશ્યપ શેઠ

SBI પેન્શનર્સ એશોસિયેશન ના સભ્યો માટે ખાસ ઓપીડી ડિસ્કાઉન્ટ*

25%* ડિસ્કાઉન્ટ
કન્સલટેશન
(SBIના ચાર્જ પર)

20%* ડિસ્કાઉન્ટ
ડાયગ્નોસ્ટીક
(હોસ્પિટલના ચાર્જ પર)

10%* ડિસ્કાઉન્ટ
ફાર્મસી

ડિસ્કાઉન્ટ ઓફર ઓગસ્ટ ૩૧, ૨૦૨૩ સુધી માન્ય. । SBI નું ઓળખકાર્ડ સાથે લાવવું જરૂરી

મેરિંગો સિમ્સ હોસ્પિટલ
ઓફ. સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060
Email : info@cims.org | www.cims.org

JCI (USA) NABH

અપોઈન્ટમેન્ટ માટે ફોન
1800-309-9999
TIME - 9:00 AM - 7:00 PM (MON TO SAT)

### Circular No. : CDO/P&HRD-IR/107/2017-18-21.03.2018

# Staff welfare activities improvement of facilities

## સ્ટાફ વેલ્ફેર પ્રવૃત્તિઓ અન્વયે ગંભીર બીમારીના કિસ્સામાં નિવૃત્ત કર્મચારીઓને સહાય આપવાની એક નવી યોજના.

## Assistance to Retired Employees in case of Critical illness:

### ગંભીર બીમારીના કિસ્સામાં નિવૃત્ત કર્મચારીઓને સહાય

એક નવી યોજના જેનું નામ "Assistance to Retired Employees in case of Critical illness" એટલે કે નક્કી કરેલ ગંભીર રોગોના સંદર્ભમાં નિવૃત્ત કર્મચારીઓ/ફેમિલી પેન્શનરોને સહાય પ્રદાન કરવા માટેની યોજના નાણાકીય વર્ષ ૨૦૧૭થી ચાલુ કરવામાં આવી છે. આ હેતુ માટે રૂા. ૨૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. મેડીકલ બીલોની ચુકવણી એક જ જગ્યાએથી થાય તે માટે આ ફંડ કોર્પોરેટ સેન્ટરમાં રાખવામાં આવેલ છે. આ યોજનાની સમ્પૂર્ણ વિગતો, સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ સિસ્ટમ (SOP) અને નિવૃત્ત કર્મચારીઓ/ફેમિલી પેન્શનરો દ્વારા ભરવાનું થતું એપ્લીકેશન ફોર્મ અનુક્રમે Annexure 'A' 'B' અને 'C' તરીકે આ સર્ક્યુલર સાથે જોડેલ છે. જેઆ સાથે નીચે આપેલ છે.

## Annexure 'A' Assistance to Retired Employees in case of Critical Illiness

બેંકે કર્મચારીઓને લગતી વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરી છે. આ પ્રયાસ બેંકના દરેક કર્મચારીને મહત્તમ લાભ પહોંચાડવાનો છે. હાલમાં સ્ટાફ વેલ્ફેર ફંડનો ઉપયોગ નોકરી કરતા કર્મચારીઓ માટે જ કરવામાં આવી રહ્યો છે. બેંકના નિવૃત્ત કર્મચારીઓને પણ સ્ટાફ વેલ્ફેર ફંડનો લાભ મળે તે માટે નક્કી કરેલ ગંભીર રોગોમાં અમુક હદ સુધી તેમના તબીબી ખર્ચને પહોંચી વળવામાં સહાય થાય તેવું બેંકે નક્કી કરેલ છે. આ માટે બેંકે રૂા. ૨૦ કરોડ નવા હેડ "Assistance to Retired Employees in case of Critical illness" હેઠળ ફાળવ્યો છે. આ યોજનાની સંપૂર્ણ વિગતો નીચે મુજબ છે.

## Coverage

State Bank of Indiaના તમામ કર્મચારીઓ કે જેઓ બેંકમાંથી Superannuation એટલે કે ૬૦ વર્ષની સેવા પુરી કરી રિટાયર થયા હોય અથવા જેઓ ૫૮ વર્ષની ઉંમરે વીઆરએસ લીધેલ હોય તેવા તમામ કર્મચારીઓ તથા તેમના હયાત જીવનસાથી અને અપંગ બાળકોને આ યોજના હેઠ આવરી લેવામાં આવશે. ફેમિલી પેન્શનરોનો પણ આ યોજનામાં સમાવેશ થશે. જે કર્મચારીઓને ડિસ્ચાર્જ/ડિસમિસ/રીમુવ/ટર્મીનેટ કે ફરજિયાત સેવામાંથી નિવૃત્ત કરવામાં આવ્યા હતા તેવા કર્મચારીઓનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવશે નહીં. નિવૃત્ત કર્મચારીઓ/ફેમિલી પેન્શનરો દ્વારા ગંભીર રોગો માટે ૧લી એપ્રીલ અથવા તો નાણાકીય વર્ષમાં કરેલ ખર્ચનો સમાવેશ કરાશે.

## Diseases Covered

નીચે જણાવેલ રોગોના સંદર્ભમાં જટિલ બીમારી પર થતા તબીબી ખર્ચને આ યોજનામાં આવરી લેવામાં આવેલ છે.

1. Cancer (કેન્સર)
2. Cardiac Surgery|Serious Heart Ailments (કાર્ડિયાક સર્જરી/ગંભીર હૃદયરોગ)
3. Kindney/Liver Transplant (કિડની/યકૃત ટ્રાન્સપ્લાન્ટ)
5. illness/Accidents of serious nature involving major surgeries/life support system (માંદગી/ગંભીર પ્રકારના અકસ્માતો દરમ્યાનની મેજર શસ્ત્રક્રિયાઓ/જીવન સપોર્ટ સિસ્ટમ)

## Expenses Covered

૧. નિવૃત્ત કર્મચારીઓ/ફેમિલી પેન્શનરો કે જે "Retired Employees Medical Benefit Scheme/Mediclaim Policy for Retired Employees" તળે કવર થયેલ હશે તેવાને બેંક medical scheme/insurance policyમાં ચુકવાયેલ રકમ ઉપરાંતના ખર્ચના ૫૦%ની હદ સુધી સહાય પ્રદાન કરશે. સહાયની મહત્તમ રકમ રૂા. ૫.૦૦ લાખ રહેશે.

૨. નિવૃત્ત કર્મચારીઓ/ફેમિલી પેન્શનરો કે જે 'Retired Emplyees Medical Benefit Schem / Mediclaim Policy for

Retired Employees તળે કવર થયેલ ન હોય તેવાને બેંક રૂા. ૩.૦૦ લાખ ઉપરાંતના ખર્ચના ૫૦%ની મર્યાદા સુધી સહાય પ્રદાન કરશે. સહાયની મહત્તમ રકમ રૂા. ૫.૦૦ લાખ રહેશે.

૩. આ સહાય ભંડોળની ઉપલબ્ધતાને આધિન પ્રથમ આવનારને પહેલાના ધોરણે આપવામાં આવશે.

૪. નિવૃત્ત કર્મચારીઓ/ફેમિલી પેન્શનરો, ઉલ્લેખિત રોગોના સંદર્ભમાં વર્ષમાં એક જ વાર, પોસ્ટ ફેક્ટો આ સુવિધાનો લાભ લઈ શકશે.

## Sanction Process

આ યોજના હેઠળ દાવા રજૂ કરવા માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ સિસ્ટમ (SOP) Annecure 'B' તરીકે મુકવામાં આવી છે.


**Annexure 'B'**

## Standard Operating Procedure

'Assistance to Retired Emplopyees in case of Critical illness' હેઠળ દાવાઓ રજૂ કરવામાં માટેની પ્રક્રિયા

૧. ગંભીર બીમારીના કિસ્સામાં તબીબી ખર્ચ અંગેની સહાય માટેની અરજી નિવૃત્ત કર્મચારીઓ/ફેમિલી પેન્શનરો જેના નિયંત્રણમાં પેન્શન મેળવી રહ્યા છે તેવી સંબંધિત વહીવટી કચેરીઓ (Administrative Ofdices)ને સબમિટ કરશે. ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન સાથે હોસ્પિટલમાં દાખલ થયાની ડિસ્ચાર્જ સમરી અને અન્ય ઓરીજીનલ બીલ/રસીદો જોડાયેલ હોવા જોઈએ.

નિવૃત્ત કર્ચારીઓ/ફેમીલી પેન્શનરો દ્વારા ભરવાનું થતુ એપ્લીશનનું ફોર્મ Annexure 'C' તરીકે સર્ક્યુલર નંબર CDO/P&HRD-IR/107/2017-18 તારીખ ૨૧-૦૩-૨૦૧૮ સાથે જોડેલ છે.


**10 Year SIP PERFORMANCE (SIP@10,000/- Month)**

| Scheme Name | Investment Value | Current Value | Return (%CAGR) |
|---|---|---|---|
| SBI Small Cap Fund | 12,00,000 | 42,33,416 | 24.14% |
| SBI Magnum MidCap Fund | 12,00,000 | 31,35,608 | 18.52% |
| SBI Contra Fund | 12,00,000 | 28,12,425 | 16.48% |
| SBI Large & Midcap Fund | 12,00,000 | 27,78,733 | 16.25% |
| SBI Magnum Global Fund | 12,00,000 | 26,52,377 | 15.37% |
| SBI Magnum Children Fund | | | |
| Invt Dt. 29/09/2020 | 1,00,000 | 2,42,000 | 48.91% |

AMARISH R SHAH (SBI RETIRED EMPLOYEE)
POOJA INVESTMENT & FINANCIAL CONSULTANCY
G/22,HEMKOOT BLDG.,NR. GANDHIGRAM RLY STATION, ASHRAM ROAD, AHD - 9.
(P) 079 - 26581394 (M) 9327008653 , 9978908869.
Contact for Mutual Funds, Company FDs, Capital Gain Bonds, Term Insurance & Medicalim.
*MUTUAL FUND INVESTMENT IS SUBJECT TO MARKET RISK.PLEASE READ OFFER DOCUMENT BEFORE INVESTING.

# અભિનંદન - Congratulations

## SHRI RANJAN KARAN ELEVATED AS GENERAL SECRETARY, SBI OFFICERS' ASSOCIATION, AHMEDABAD CIRCLE W.E.F. 01.05.2023



**Shri Ranjan Karan** (DOB : 19.11.1967) joined as Probationary Officer in SBI Ahmedabad Circle on 01.08.1997. A seasoned officer who has worked in various branches/offices in the Circle, viz. Civil Hospital br., Golana br., RBO Anand, Bapunagar IE br., Madhupura br., Himatnagar br., Surat Main br. and Drive-in Road br., Shri Ranjan Karan is presently posted as CM (FI) at Ahmedabad Administrative Office. His journey with the SBIOA grew simultaneously and he was elected as Joint General Secretary (NW II) in September 2017 and as Joint General Secretary (NW I) in September 2021."The SBI Pensioners' Association, Ahmedabad heartily congratulates Shri Ranjan Karan on his elevation as General Secretary, SBIOA, Ahmedabad circle w.e.f. 01.05.2023 and wishes him all the best for his bright future in all his endeavours.

---



એસ.બી.આઈ. એમ્પ્લોઈઝ યુનિયન અમદાવાદ સર્કલના પૂર્વ પ્રમુખ અને એસ.બી.આઈ પેન્શનર્સ એસોસિએશનના સક્રિય સદસ્ય, આપણા સહુના માર્ગદર્શક, પથદર્શક એવા માન. ભરતસિંહ ચૌહાણને સમાજસેવી, સાંસ્કૃતિક રાષ્ટ્રીય સંગઠન **"ભારત વિકાસ પરિષદ"**ની દિલ્હી ખાતે યોજાયેલીરાષ્ટ્રીય કાર્યશાળામાં મળેલ રાષ્ટ્રીય કારોબારીમાં **જોઈન્ટ જનરલ સેક્રેટરી (પશ્ચિમ ક્ષેત્ર)** તરીકે વરણી કરવામાં આવી છે. એસબીઆઈપીએ અત્યંત ગૌરવની લાગણી અનુભવે છે. આ પ્રસંગે તેમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની તા. ૨૬-૩-૨૦૨૩ના રોજ હેદરાબાદ ખાતે મળેલ જનરલ બોડી મિટીંગમાં આપણા 'પેન્શનર્સ એસોસીએશન'ના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીની ફેડરેશનમાં **સીનીયર વાઈસ પ્રેસિડેન્ટ** તરીકે વરણી કરવામાં આવી. ઉપરોક્ત તસવીરમાં શ્રી કમાલભાઈ કાદરી ફેડરેશનની નેતાગીરી સમક્ષ પેન્શનર્સના પ્રશ્નો તેમજ મેડીકલ પોલિસી વિષે વિશેષ છણાવટ કરતા નજર પડે છે. પેન્શનર પરિવારના સદસ્યો તરફથી શ્રી કમાલભાઈ કાદરીને હાર્દિક અભિનંદન.





SBIPAના જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈ કાદરી હૈદ્રાબાદની મિટીંગમાં ફેડરેશનના **સીનીયર વાઈસ પ્રેસીડેન્ટ** તરીકે વરણી પામ્યા બાદ તા. ૨૭-૦૩-૨૦૨૩ના રોજ SBIPAની ઓફિસ, SBI ઓફિસર્સ ભાસ્કર ફ્લેટ, નારણપુરા, અમદાવાદ ખાતે તેમનું આગમન થયું ત્યારે પેન્શનર્સ એસોસીએશનના સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમને અભિનંદનની વર્ષાથી ભીંજવી દીધા સાથે શુભકામનાઓ પાઠવી હતી.



## ગૌરવ

આપણા પેન્શનર શ્રી ભરતભાઈ એચ. શાહના પત્ની **શ્રીમતી ઉષાબેન ભરતભાઈ શાહ,** સિનિયર સીટીઝન માટેની એથલેટીક/દોડ વિગેરેમાં વિવિધ રાષ્ટ્રીય કક્ષાની રમતમાં ભાગ લઈ અત્યાર સુધીમાં કુલ ૬૧ મેડલ (ગોલ્ડ-૨૩, સિલ્વર-૧૪, બ્રોન્જ-૨૪) મેળવેલ છે અને હજુ પણ એક્ટિવલી ઉપરોક્ત સ્પર્ધામાં ભાગ લઈ રહેલ છે. એસબીઆઈપીએ તરફથી ખૂબ ખૂબ અભિનંદન


Eye-care Hospital
ફ્રી
આંખની
તપાસ
દર ગુરુવારે
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
( અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત )
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• CATARACT • GLAUCOMA
• LASIK • RETINA
• CORNEA • OCCULOPLASTY
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ ડૉ. શ્યામલ રાવલ
ડૉ. આંશી રાઠોડ
સમય : સવારે 9.00 થી 12.00,
બપોરે 3.00 થી સાંજે 6.30 વાગ્યા સુધી
Eye-care Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન : ૯૮૨૪૦૮૬૬૧૧
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com




## ગૌરવશાળી સિદ્ધિઓ

તાજેતરમાં જીએમઈઆરએસ મેડિકલ કોલેજ, વલસાડ મુકામે યોજાયેલ ઈન્ડિયન એસોસિએશન ઓફ પ્રિવેન્ટિવ એન્ડ સોસીયલ મેડિસિનની સ્ટેટ લેવલની વાર્ષિક કોન્ફરન્સમાં PDPU મેડિકલ કોલેજ રાજકોટના ફેકલ્ટી ડો. ભાવેશ રમેશભાઈ કાનાબારએ એમડીઆર ટીબીના દર્દીઓમાં મેડિકેશન ઈવેન્ટ રીમાઈન્ડર મોનિટર (MERM) ની ઉપયોગીતા વિશે સંશોધન કરીને રિસર્ચ પેપર રજૂ કરી તેમના વિષયમાં સ્ટેટ લેવલનો શ્રેષ્ઠ કક્ષાનો એચએમ પટેલ એવોર્ડ મેળવેલ છે. ડો. ભાવેશ કાનાબાર ઉપરોક્ત તસવીરમાં રજુ કરતા નજરે પડે છે.

ડો. ભાવેશ કાનાબાર એસબીઆઈ માણાવદર બ્રાન્ચના રિટાયર્ડ સ્ટાફ શ્રી રમેશભાઈ કાનાબારના પુત્ર તેમજ એસબીઆઈ રાજકોટના રિટાયર્ડ મેનેજરશ્રી મનસુખલાલ એમ. ચાંદરાણીના જમાઈ છે. તેમને હાર્દિક અભિનંદન.



**PIYOOSH J MEHTA & ANJANA P MEHTA**
**CELEBRATE THEIR 50TH MARRIAGE ANNIVERSARY..**

I am happy to share that by grace of God...and well wishes from all my relatives and friends...we are completing 50 years of our Happy Marriage Life... on next 23rd May, 2023.The reason to share this event with you....is that our SBI has pivotal role in our life since 1970....Not only financial status.. but social Status and security were provided by our Bank....for which we are indebted to our Bank...After obtaining retirement in 2001....we are living our life with full dignity.. We take this opportunity to express our heartiest thanks for making our life successful and cheerful.....Seeking blessings/good wishes from all.... who are behind this Anniversary Day.....!

****

## "અમદાવાદ ખાતે મેડીકલ પોલિસીની બાબતમાં ખુલાસા અંગે એક બેઠક






એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-અમદાવાદ દ્વારા લોકલ હેડ ઓફિસ ખાતે બીજે માળ, સ્ટાફ કેન્ટીનમાં તા. ૨૨-૩-૨૦૨૩ના રોજ પેન્શનર્સની મંથલી મિટીંગ રાખવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ મિટીંગમાં રક્ષા ટીપીએના આનંદ રાઠીના પ્રતિનિધિ શ્રી પ્રેમલ ડીકોસ્ટા તથા બરોડાથી કૃપાલ ભટ્ટ ઉપસ્થિત રહીને મેડીકલ પોલિસીના પ્રશ્નોની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ ટાટા વન એમજીના પ્રશ્નોના સરળ ભાષામાં જવાબો આપ્યા હતા. જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈ કાદરીજીએ સભ્યોને આવકારીને તેમના પ્રશ્નોના યોગ્ય નિરાકરણ માટે ખાત્રી આપી હતી તેની એક ઝલક.

## ગાંધીનગર યુનિટ સમાચાર








તા. ૨૯-૦૩-૨૦૨૩ના રોજ ગાંધીનગરમાં પેન્શનર્સની મિટીંગ મળી હતી અને મોટી સંખ્યામાં પેન્શનર્સ ઉપસ્થિત રહ્યા હતા. મેડીકલ પોલિસી તથા ટાટા વનએમજીના પ્રોબ્લેમ માટેની વિસ્તૃત જાણકારી ઈન્સ્યુરન્સ એજન્સીના આનંદ રાઠીમાંથી આવેલા શ્રી કૃપાલ ભટ્ટે આપી હતી. સાથે સભ્યોને યોગ્ય માર્ગદર્શન આપેલ. વધુમાં ફેડરેશનમાં સીનીયર વાઈસ પ્રેસીડેન્ટ તરીકે વરણી પામ્યા બાદ પ્રથમ મિટીંગમાં પધારેલ આપણા જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીજીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ભાવનગર ખાતે મળેલી પેન્શનર્સની મિટીંગ





ભાવનગરની પેન્શનર્સ એસોસીએશનની ટીમ દ્વારા ભાવનગર ખાતે તા. ૨-૪-૨૦૨૩ને રવિવારે યોજાયેલ મિટીંગમાં નવ નિર્વાચિત થયેલ એસબીઆઈપીએના હોદ્દેદારોને સન્માનવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. તેની એક ઝલક. મુરબ્બીશ્રી જનાર્દનભાઈ, જાગાણીભાઈ, રાજુભાઈ સરવૈયા, બોરડ સાહેબ, પી. જે. શાહ, એચ.આઈ. જાની વગેરે વડીલોએ આશીર્વાદ આપેલ. SBIPA ના પ્રમુખશ્રી ચોક્સી સાહેબ, જનરલ સેક્રેટરીશ્રી કમાલભાઈ કાદરી, જો.જનરલ સેક્રેટરીશ્રી ગુણવંતભાઈ પટેલ વગેરે હોદ્દેદારો હાજર રહેલ.



## બોપલ વિસ્તારના સભ્યોની મિટીંગ

એસબીઆઈ પેન્શનર્સ બોપલ પરિવારના સભ્યોની એક મિટીંગ તા. ૩૦-૦૩-૨૦૨૩ના રોજ બોપલ ગાર્ડન ખાતે મળી હતી. આનંદ અને સુમેળભર્યા વાતાવરણમાં પરસ્પર પ્રેમ ભર્યો સંવાદ કર્યો હતો. તેની એક ઝલક...

## નારણપુરા વિસ્તારની મિટીંગ






એસબીઆઈ, નારણપુરા શાખામાં પેન્શનર્સની એક મિટીંગ તા. ૧૮-૦૨-૨૦૨૩ના રોજ બ્રાન્ચ મેનેજર શ્રી ગોડબોલેજી તથા પેન્શનર એક્ટિવીસ્ટ શ્રી આર. જી. પટેલના સાનિધ્યમાં યોજાઈ હતી. જેમાં એસબીઆઈ પેન્શનર્સ એસો.ના હોદ્દેદારો, જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ચિંતકભાઈ પટેલ, જો. જનરલ સેક્રેટરી શ્રી રમણભાઈ વાઘેલા, ડે. જનરલ સેક્રેટરી શ્રી મુકેશભાઈ દવે તથા ઈ.સી. મેમ્બર્સ સર્વશ્રી અમરીશ હાથી, આર. ક્રિષ્નામૂર્તિ, એમ. થિયાગરાજન ઉપસ્થિત રહ્યા હતા. બ્રાન્ચ મેનેજર દ્વારા પેન્શનર્સના તમામ કામોને પ્રાધાન્ય આપવામાં આવે છે અને હંમેશા આપીશું. એ વાત સાથે તમામ સ્ટાફ તરફથી સંપૂર્ણ સહકારની ખાત્રી આપવામાં આવી. ઉપસ્થિત એસબીઆઈપીએના હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું. સાથે ખૂબ જ સુમેળભર્યા વાતાવરણમાં પરસ્પર સ્નેહભર્યા સંવાદ સાથે મિટીંગ પૂર્ણ થઈ તેની તસવીની ઝલક.

## મણીનગર વિસ્તારના મેડિકલના પ્રશ્નો અંગે

એસબીઆઈ પેન્શનર્સ એસોસિએશન પરિવારના પૂર્વ વિસ્તારના સભ્યો માટે મેડિકલ અને હોસ્પિટલાઈઝેશનને લગતા પ્રશ્નોના નિવારણ માટે અઠવાડિયાના દર મંગળવાર અને ગુરૂવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન એસબીઆઈ, પુનિત આશ્રમ, રામજી મંદિર સામે, મણિનગર શાખામાં ભાઈશ્રી ડી. કે. દલાલ (મો.) ૯૯૨૫૧ ૬૨૯૫૧, શ્રી મહેન્દ્રભાઈ ચૌહાણ (મો.) ૯૮૨૫૮ ૪૭૪૮૪, શ્રી અતુલ શાહ (મો.) ૯૮૯૮૧ ૮૪૭૫૦, શ્રી જ્યંતીભાઈ લોઢા (મો.) ૯૧૭૩૮ ૪૮૦૨૪) હાજરી આપશે. તો મણિનગર તેમજ આસપાસના વિસ્તારના પેન્શનર્સ મિત્રોએ લાભ લેવા વિનંતી.

## ઠક્કરબાપા નગર વિસ્તારના મેડિકલના પ્રશ્નો અંગે

એસબીઆઈ પેન્શનર્સ એસોસિએશન પરિવારના પૂર્વ વિસ્તારના સભ્યો માટે મેડિકલ અને હોસ્પિટલાઈઝેશનને લગતા પ્રશ્નોના નિવારણ માટે અઠવાડિયાના દર મંગળવાર અને ગુરૂવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન એસબીઆઈ, ઠક્કરબાપા નગર શાખામાં ભાઈશ્રી નરેશભાઈ ગજેરા (મો.) ૬૩૫૩૧ ૭૬૧૧૯) અને શ્રી રમેશભાઈ મહાવર (મો) ૯૪૨૮૧ ૦૧૬૮૧ હાજરી આપશે. તો ઠક્કરબાપા નગર તથા પૂર્વ વિસ્તારના પેન્શનર્સ મિત્રોએ લાભ લેવા વિનંતી.

SBI

**DENTAL CARE IMPLANT AND LASER CENTER**

**DR.DEVAL TRIVEDI**

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM to 3:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

**NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS and SBI EMPLOYEES**
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS,SBI Employees AND THIER FAMILY MEMBERS,AHMEDABAD

## રાજકોટમાં યોજાયેલ પેન્શનર્સ મીટ કાર્યક્રમ અવિસ્મરણીય બન્યો....






એસબીઆઇ પેન્શનર્સ એસો., રાજકોટ વિભાગ દ્વારા એસબીઆઇ એડમીન ઓફિસ-રાજકોટના સંપૂર્ણ સહયોગથી તા. ૧૮-૪-૨૦૨૩ના રોજ એડમિન ઓફિસ-રાજકોટ ખાતે પેન્શનર્સ મીટ યોજવામાં આવેલ.બેન્કના ડીજીએમ શ્રી વિનોદ અરોરા સાહેબની સાથે એજીએમ શ્રી નિરંજન જોષી, શ્રી પ્રકાશભાઇ જાની, એસબીઆઇપીએના ડીજીએસ શ્રી શરદભાઇ દવે, યુનીયનના ડીજીએસ શ્રી ચિંતનભાઇ માંડવીયા, સેવાના ડીજીએસ શ્રી નલિનભાઇ રાણા સાથે ૩૦૦ થી વધુ પેન્શનર્સ ભાઇઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ મિટીંગમાં ૭૦ વર્ષ પૂરા કરનાર સભ્યો પૈકી સર્વશ્રી શિરીષભાઇ કચ્છી, પ્રદીપભાઇ દેસાઇ અને આર.એન. ચૌહાણનું અભિવાદન કરવામાં આવ્યું. ઉપરાંત એસબીઆઇ પરિવારની ૮૬ વર્ષની ગૌરવશાળી વ્યક્તિ શ્રી નવીચંદ્ર કે. શાહનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. આ મિટીગમાં ઉપસ્થિત રહેલ ડો. મલય નીતિનભાઇ પારેખ અને ડો. દેવાંગ અરવિંદભાઇ માંડલિયા દ્વારા સરળ ભાષામાં ડાયાબિટીસ તેમજ ઓર્થોપેડીક બાબતો અંગે માહિતી આપેલ અને સભ્યોના પ્રશ્નોના જવાબ આપેલ. વધુમાં ડીજીએસ શ્રી શરદભાઇ દવેએ એચઆરએમઅસ તેમજ આઇકાર્ડ બનાવવા તથા ફેમિલીની વિગતો કઇ રીતે અપલોડ કરી શકાય તે અંગે માહિતી આપેલ. આ પ્રસંગે સ્ટેટ બેંક પરિવારના ગૌરવ સમાં સેવાભાવી રાજકોટ રત્ન શ્રી અનુપમભાઇ દોશીનું પણ સન્માન કરવામાં આવ્યું. આમ આ પેન્શનર્સ મીટ કાર્યક્રમ ખૂબ જ અવિસ્મરણીય બની રહ્યો.

## સુરત પેન્શનર્સ જોગ

સુરતના પેન્શનર્સ/ફેમિલી પેન્શનર્સ ભાઇ-બહેનોને પડતી અગવડતા, મળતા હક્ક, સ્ટેગ્નેશન ઇન્ક્રિમેન્ટ, ફેમિલી પેન્શન, મુસીબત, તકલીફ વગેરે પ્રશ્નોનો સરસ અને સંતોષકારક રીતે હલ કરવા સુરતના સર્વશ્રી અરવિંદભાઇ શાહ, પરિમલ દવે, અશોકભાઇ દેસાઇ, વિજય અગ્રવાલ, બિપીન સુતરીયા અને અન્ય મિત્રોની ટીમ શ્રી ઇનામદારના માર્ગદર્શન હેઠળ પ્રશંસનીય કાર્ય કરતા આવ્યા છે જે ઉદાહરણીય, ગૌરવશાળી, હકારાત્મક અભિગમ અને પ્રેરણાદાયી છે.

આપણું પેન્શનર્સ એસોસિએશન આ કાર્યને બિરદાવે છે. તેઓના અનુભવ અને જ્ઞાનનો લાભ સમગ્ર અમદાવાદ સર્કલના પેન્શનર્સને મળે એવી અપેક્ષા.

સુરતના પેન્શનર્સ/ફેમીલી પેન્શનર્સ અગમ્ય કારણોસર સર્કલ એસોસિએશનના સભ્ય બનવાનું ટાળતા હતા. તેમના કેટલાક મુદ્દાઓ નવી ચૂંટાયેલી ટીમ દ્વારા નિરાકરણ કરવામાં આવેલ છે અને આ સિવાયના મુદ્દાઓને પણ પરસ્પર ચર્ચા વિચારણાથી નિરાકરણ કરી શકાય છે.

સુરતના પેન્શનર્સ/ફેમિલી પેન્શનર્સ, પેન્શનર્સ એસો.-અમદાવાદ સર્કલના સભ્ય બને અને સામુહિક રીતે અમદાવાદ સર્કલના તમામ પેન્શનર્સના સુખાકારીભર્યા દીર્ઘાયુષ્ય માટે સાથે મળીને કાર્ય કરવા માનભેર વિનંતી છે.

## Extremely sad news to Bank Officers:

### Comrade L.V. Subramanian, the doyen of Officers Trade Union Movement in State Bank of India and the Banking Industry is No More



Shri L. V. Subramaniam

With a heavy heart, we have to share that Com. L.V. Subramanian, popularly known as LVS, a doyen of bank officers Trade Union Movement is no more. He breathed his last in Singapore on 7th April 2023, leaving behind his wife, a former GM of SBI, a daughter and legions of admirers. Comrade LVS was the Founder General Secretary of AISBOF and AICOBOO.

Comrade LVS joined SBI at Jabalpur Branch. He was transferred to Bombay Main Branch on his promotion to the erstwhile grade of Sub-Accountant, where he was disturbed by the pathetic plight of officers, who were forced to work for unlimited hours.

Although the officers welcomed the idea of an Officers' Association, nobody was ready to come forward to join the Association in the fear of the Management's hostility towards such a step by the officers. After months of determined perseverence, ultimately, in 1965, he formed the SBI Supervising Officials' Association for the protection of the self respect and dignity of officers, with its headquarters at Mumbai. LVS bodly declared an indefinite strike in SBI from 10th July 1969, which lasted for 17 days, unprecedented in the history of Indian banking. Subsequently, the AICOBOO, an industry level organization was formed, which was the forerunner to the AIBOC. A leader of leaders, Comrade LVS mentored many leaders in the banking industry.

Our heartfelt condolences to the bereaved family members. May the departed soul rest in eternal peace.

The SBI Pensioners' Association dips its banner in respect to a leader who will always remain a beacon for all future Trade Union leaders.

## શ્રદ્ધાંજલિ



એસબીઆઈના નિવૃત્ત ઓફિસર અને એસબીઆઈ ઓફિસર એસો.ના પૂર્વ રિજિયોનલ સેક્રેટરી **દિનેશચંદ્ર માધવલાલ ત્રિવેદી**નું તા. ૭-૦૪-૨૦૨૩ને શુક્રવાના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. એસબીઆઈ પેન્શનર્સ એસો., અમદાવાદ સર્કલ પરિવાર અત્યંત શોકની લાગણી અનુભવે છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે અને એમના પરિવાર પર આવી પડેલી વિપતિ સહન કરવાની પ્રભુ શક્તિ આપે. એજ અભ્યર્થના સાથે શ્રદ્ધા સુમન અર્પણ કરીએ છીએ.

ૐ શાંતિ... ૐ.... ૐ શાંતિ...

## શ્રદ્ધાંજલિ



ઉના સ્થિત નિવૃત્ત ચીફ મેનેજર સાથી **શ્રી અરવિંદભાઈ મનસુખલાલ ગાંધી (એ.એમ.ગાંધી)** (ઉ.વ.૮૬)નું તા. ૧૧-૪-૨૦૨૩ના રોજ ઉંમરના લીધે દુ:ખદ અવસાન થયું છે.

તેઓ તા. ૧૪-૧૦-૧૯૫૫ના રોજ ક્લાર્ક તરીકે વેરાવળથી બેંકની નોકરીની શરૂઆત કરી હતી. ત્યારબાદ પ્રમોશન લઈ ઉના પે ઓફિસ, જામનગર, વાંકાનેર, ગીર ગઢડા, ઉના, ભાવનગર, કૃષ્ણનગર, ભાવનગર દરબારગઢમાં ફરજ બજાવી હતી, અને છેલ્લે તા. ૨૮-૦૨-૧૯૯૭ના ઉના મેઈનથી નિવૃત્ત થયા હતા.

તેઓએ વર્ષ ૧૯૬૪માં **કોમરેડ કુટ્ટો** સાથે રહીને એસબીએસમાં યુનિયન પ્રવૃત્તિની શરૂઆત કરી હતી. તેઓ યુનિયનમાં કમિટી મેમ્બર હતા અને સ્થાપના થઈ તેમાં પણ તેઓએ કમિટી મેમ્બર તરીકે સેવા બજાવી અને મેમ્બર્સના હક્ક માટે લડતા. તેઓ સ્વભાવે કડક અને શિસ્તના આગ્રહી હતા.

## "As per Corporate Center's Guidelines"
## વિકલાંગ બાળકો માટેના કોર્પોરેટ સેન્ટરના નિયમ

**FAMILY PENSION**
**INCLUSION OF DISABLED SON/DAUGHTER**
**AS FAMILY PENSION BENEFICIARY**

As advised by Corporate Centre, the pensioners need to submit their applications along with the following mandatory documents:

a) Disability Certificate/ Disability Identity Card issued by any Government Body like Medical Authority under Dept. of Empowerment of Persons with Disabilities (Govt. of India).
b) Date of Disability certificate should be prior to date of retirement.
c) Disability Certificate from authority not below the rank of civil surgeon.
d) Certificate for ascertaining 'Inability to earn livelihood due to the disability' from the competent authority and the certificate regarding marital status in case of disabled daughter.

02. After submission of above certificates, the disabled son/ daughter will be referred to the Medical Board to ascertain the current status and extent of disability and the capacity to earn a livelihood of the ward.

03. Hence, we request you to advise all Branches under your administrative control to comply with the above requirements.Also arrange to refer the eligible applicants to Medical Board constituted at District Govt Hospital Hqs through the Medical Officer for ascertaining the present status and obtaining the above certificates. On receipt of the application with all mandatory certificates/recommendation,,we forward the same to Corporate centre,Mumbai,for necessary approval by Trustees.

*With Best Compliments*
*from*

**Dr. Manjit Sing Bhalla**

**Dental Surgeon (B.D.S.)**
to
**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**


SBI HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો, આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરો: 1800 11 2018 | અહીં મુલાકાત કરો: homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે
અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફોલો કરો

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023


## આંખનાં રતનની કાળજી

**ડો. પ્રતાપ દેસાઈ, એમ.એસ.** (ઓપ્થોલમોલોજી)
સિનિયર મેડીકલ ઓફીસર, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, અમદાવાદ. એલ.એચ.ઓ.

ડો. હેમાક્ષી પી. દેસાઈ એમ.એસ. (ઓપ્થોલમોલોજી)
ડો. સુરોહી શાહ એમ.એસ. (ઓપ્થોલમોલોજી)

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ચ, આઈઓસી પેટ્રોલ પંપ પાસે,
ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
**એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭**
મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૬.૩૦

ચશ્માના નંબર ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર,
સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪
સમયઃ સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

વર્ષ ૨૦૦૨ થી આંખોના સર્જન તરીકે ડો. દેસાઈ બેન્ક માન્ય ડોક્ટર છે.
ડો. દેસાઈની આઈ હોસ્પિટલ રક્ષા ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.


(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી.)

એસ.બી.આઈ. અને ઈ-એસ.બી.આઈ. પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન સેવા આપે છે.

બેન્કના નવા ઓપરેશન પેકેજ પ્રમાણે મોતીયાનું ઓપરેશન કરે છે.

ફિક્સ પેકેજ ચાર્જીસ સિવાય વધારાના કોઈપણ ચાર્જ લેવાતા નથી.

પ્રકાશની મઝા ન હોય, હોય જો તે ઝાંખો, મનુષ્યની પરખ છે તેની તેજસ્વી આંખો.





**મંથલી મિટીંગ :** દર મહિનાની મંથલી મિટીંગ મહિનાના ત્રીજા બુધવારે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, લોકલ હેડ ઓફિસ, ભદ્ર અમદાવાદ ખાતે યોજવામાં આવશે. ત્રીજા બુધવારે જાહેર રજા આવશે તો બીજા દિવસે મિટીંગનું આયોજન કરવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન, બી-૨, એસબીઆઈ ઓફીસર્સ 'ભાસ્કર ફ્લેટ્સ', ભાવિન સ્કૂલની સામે, સ્વામિનારાયણ મ્યુઝીયમની બાજુમાં, મિરામ્બિકા રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
(PHONE) 079-27490608 • e-mail: gujpension@gmail.com
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**પેન્શનર્સ પ્રકાશ • વર્ષ - ૧૬ • અંક : ૪ • પ્રકાશન તા. ૨૬-૦૪-૨૦૨૩**
**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** B/2, SBI Bhaskar Officers Flats, Nr. Bhavin School, Nr. Swaminarayan Museum, Mirambica School Road, Naranpura, Ahmedabad-380013

**Editor : Kamal Kadri** **Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel**

If undelivered please return to :
**સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન**
બી-૨, એસબીઆઈ ઓફીસર્સ 'ભાસ્કર ફ્લેટ્સ',
ભાવિન સ્કૂલની સામે, સ્વામિનારાયણ મ્યુઝીયમની બાજુમાં,
મિરામ્બિકા સ્કૂલ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
Tele Phone No. : 079-27490608